BUSINESS મિત્ર

વૈશ્વિક તણાવ છતાં બજારમાં બૂમ: સેન્સેક્સ 964 પોઇન્ટ ઉછળ્યો

જો કે બ્રોડર માર્કેટમાં વેચવાલી: રોકાણકારોને માત્ર રૂ. 81 હજાર કરોડની કમાણી

આઇટી-પ્રાઇવેટ બેન્કોના જોરે નિફ્ટી 24300ને પાર, પણ રોકાણકારોનો પોર્ટફોલિયો લાલ નિશાનમાં

વાણિજ્ય પ્રતિનિધિ તરફથી

અમદાવાદ, તા. 17: વૈશ્વિક અનિશ્ચિતતાના વાદળો ઘેરાયેલા રહ્યા છે, યુએસ-ઈરાન સંઘર્ષ અને સંભવિત અલનીનોની અસર અંગેની ચિંતાઓ પર ધ્યાન કેન્દ્રિત કર્યુ હતું. તેમનું ધ્યાન ચાલુ પ્રથમ કવાર્ટરમાં સીઝન પર કેન્દ્રિત કર્યુ હતું. મુખ્ય ક્ષેત્રોમાં હેવીવેઇટ શેરોમાં સતત ખરીદીના કારણે સેન્સેક્સ-નિફ્ટીમાં ઉછાળો જોવાયો હતો, જેમાં નિફ્ટીએ 24300 પોઇન્ટની સપાટી વટાવી હતી, જ્યારે સેન્સેક્સ 1000 પોઇન્ટની આસપાસ ઉછળ્યો હતો.

આજે રિલાયન્સ ઇન્ડસ્ટ્રીઝના પરિણામો જાહેર થનારા છે, તે પુર્વે રિલાયન્સમાં કરન્ટ જોવાયો હતો. જે બજાર બંધ થયા પછી જાહેર થનારા છે. આ ઉપરાંત, એચડીએફસી બેન્ક, આઇસીઆઇસીઆઇ બેન્ક, કોટક બેન્ક અને એક્સિસ બેન્ક સહિતના મુખ્ય ખાનગી ક્ષેત્રની બેન્કના કમાણીના અહેવાલોની આગામી સપ્તાહમાં અસર જોવા મળશે. આ પરિણામ પુર્વે પ્રાઇવેટ બેન્કોમાં તેજી જોવા મળી હતી.

બીએસઇ સેન્સેક્સ 964.58 પોઇન્ટ એટલે કે 1.25 ટકા વધીને 78151.45 પોઇન્ટના સ્તરે બંધ રહ્યા હતા. આજે ઇન્ટ્રાડેમાં સેન્સેક્સ 78282 પોઇન્ટ સુધી ઉછળ્યો હતો, જ્યારે નીચામાં 77308 પોઇન્ટ સુધી ઘટ્યો હતો. નિફ્ટી 261.55 પોઇન્ટ એટલે કે 1.09 ટકા વધીને 24334.30 પોઇન્ટના સ્તરે બંધ રહી હતી. આજે ઇન્ટ્રાડેમાં નિફ્ટી 24367 પોઇન્ટ સુધી ઉછળી હતી, જ્યારે નાચમાં 24099 પોઇન્ટ સુધી ઘટી હતી. બેન્ક નિફ્ટી 939.15 પિન્ટ એટલે કે 1.63 ટકા વધીને 58521.40 પોઇન્ટના સ્તરે બંધ રહ્યા હતા. બીએસઇ ખાતે એફકોન્સ ઇન્ફ્રાસ્ટ્રકચરમાં 22.99 ગણા, ટયુબ ઇન્વેસ્ટમેન્ટમાં 15.82 ગણા, આદિત્ય બિરલા કેપિટલમાં 8.59 ગણા, જેએસડબલ્યુ સિમેન્ટમાં 7.14 ગણા, ગ્લેનમાર્ક ફાર્મામાં 5.5 ગણા કામકાજ નોંધાયા છે. એનએસઇ ખાતે એફકોન્સ ઇન્ફ્રામાં 62.25 ગણા, કોહાન્સ લાઇફ સાયન્સીસમાં 7.66 ગણા, સીયાટ લિ.માં 5.73 ગણા, ફેડરલ બેન્કમાં 5.22 ગણા, અને જિયો ફાઇનાન્સીયલમાં 4.97 ગણા કામકાજ નોંધાયા છે.

બ્રોડર માર્કેટમાં નબળું પ્રદર્શન જોવાયું હતું. બીએસઇ મિડકેપ ઇન્ડેક્સ 0.19 ટકા અને સ્મોલકેપ ઇન્ડેક્સ 0.76 ટકા ઘટ્યા હતા. જેની માર્કેટ બ્રેડથ નબળી રહેશે. બીએસઇ ખાતે 1738 શેરો વધ્યા હતા, જ્યરે 2487 શેરો ઘટ્યા હતા, જ્યારે 191 શેરો કોઇ ફેરફાર થયો નથી. કોમોડિટીઝ માર્કેટમાં બ્રેન્ટ ક્રુડ 1.44 ડોલર એટલે કે 1.71 ટકા વધીને 85.67 ડોલર પ્રતિ બેરલ બોલાયો હતો. નિફ્ટી પ્રાઇવેટ બેન્ક ઇન્ડેક્સ 2.31 ટકા વધી હતી. જેમાં ફેડરલ બેન્ક, કોટક મહિન્દ્રા બેન્ક, આઇસીઆઇસીઆઇ બેન્ક, એક્સીસ બેન્ક, આરબીએલ બેન્ક, આઇડીએફસી ફર્સ્ટ બેન્ક, એચડીએફસી બેન્ક અને ઇન્ડસઇન્ડ બેન્ક ઉછળ્યો હતો.

રૂપિયામાં પ્રત્યાઘાતી સુધારો

અમેરિકા-ઇરાન તણાવ વચ્ચે આજે રૂપિયામાં પ્રત્યાઘાતી સુધારો જોવા મળ્યો હતો. કરન્સી બજારમાં ડોલરની સામે રૂપિયો 8 પૈસા સુધરીને 96.28ના સ્તરે બંધ રહ્યો હતો, જે ગત સેશનમાં ડોલરની સામે રૂપિયો 96.38ના સ્તરે બંધ રહ્યો હતો. અન્ય કરન્સીઓમાં યુરો 110.66, પાઉન્ડ 130.10, કેનેડિયન ડોલર 68.77, ઓસ્ટ્રેલિયન ડોલર 67.39, જાપાનીઝ યેન 0.5931 અને સીંગાપોર ડોલર 74.63ના સ્તરે બંધ રહ્યા હતા.

ફોરેક્સ બજાર

ડોલર	96.28 રૂ.
યુરો	110.66 રૂ.
પાઉન્ડ	130.10 રૂ.
યેન	0.5932 રૂ.

સેન્સેક્સ	964.58	78151.45
નિફ્ટી	261.55	24334.30
બેન્ક નિફ્ટી	939.15	58521.40

નિફ્ટી

ટોપ ગેઇનર્સ

કંપનીનું નામ	ટકાવારી	ભાવ
ટેક મહિન્દ્રા	4.14	1572.90
કોટક બેન્ક	3.39	389.95
જિયો ફાઇ.	3.11	242.98
ટીસીએસ	3.09	2269.00
રિલાયન્સ	2.36	1327.20

ટોપ લુઝર્સ

કંપનીનું નામ	ટકાવારી	ભાવ
હિન્દાલ્કો	1.58	944.15
ડો. રેડ્ડીઝ લેબ	1.08	1211.20
વિપ્રો	0.98	176.00
સન ફાર્મા	0.90	1932.60
મેક્સ હેલ્થકેર	0.76	1089.90

સેન્સેક્સ

ટોપ ગેઇનર્સ

કંપનીનું નામ	ટકાવારી	ભાવ
ટેક મહિન્દ્રા	3.91	1570.50
કોટક મહિન્દ્રા બેન્ક	3.37	389.85
ટીસીએસ	3.02	2268.25
રિલાયન્સ	2.52	1326.50
એચયુએલ	2.17	2144.10

ટોપ લુઝર્સ

કંપનીનું નામ	ટકાવારી	ભાવ
સન ફાર્મા	0.87	1933.10
ટ્રેન્ટ	0.68	2840.00
ભારતી એરટેલ	0.59	1910.45
અલ્ટ્રાટેક સિમેન્ટ	0.55	11715.00
ઇન્ટરગ્લોબ એવીએશન	0.40	5246.00

ચાર્ન બજાર સુરત
(GST સાથેના ભાવ)
નરેશ / મુકેશ ઘીવાળા
૩૫૧૬૪૪૬ - ૨૫૯૯૯૭૪

પ્રફુલ/સાલાસર/કેપલોન	રૂા.
૩૦/૨૪ બ્રાઇટ	૨૫૩
૩૦/૩૬ એફડી	૨૬૨.૫
લોકલ	
૬૨/૩૬ ક્રિમ્પ	૧૪૧
૬૮/૩૬	૧૩૮.૫
૭૨/૩૬ ક્રિમ્પ	૧૩૬.૫
૯૦/૩૬ ક્રિમ્પ	૧૩૪.૫
૮૪/૪૮ ક્રિમ્પ	૧૩૫.૫
૩૦/૧૪ ક્રિમ્પ	
૮૦/૭૨ રોટો.	૧૩૮.૫
૮૦/૩૬ રોટો.	૧૩૭.૫
૧૫૦/૪૮બ્રાઇટ	૧૩૪

૭૫/૩૬ ''	૧૩૧
૫૦/૩૬ ''	૧૪૦
૫૦/૪૮ SD/ક્રેપ	૨૪૬
RIL રિલાયન્સ	
૯૦/૩૬ ક્રિમ્પ	૧૩૫.૫
૧૧૪.૧૩ રોટો	---
૧૦૦ ટેક્ષ	૧૩૪.૫
વેલનોન (જીએસટી સાથે)	
૮૦/૭૨ રોટો	૧૪૦
૮૦/૭૨ ફોલ્ડર	૧૪૯.૨૫
૧૬૦ ડીસ્કેટ	૪૯.૨૫
---	---
૮૦/૧૦૮ ''	૧૪૧.૫

-----	---
૮૦/૭૨ બ્લેક રોટો	૧૪૯.૨૫
ગાર્ડન	
૪૯/૨૪ એફડીવાય	૧૩૬
૩૦/૧૪ ક્રિમ્પ	૧૯૫
૬૨ ક્રિમ્પ	૧૪૩
૬૮ ક્રિમ્પ	૧૪૧
૭૨ ક્રિમ્પ	૧૩૯.૫
૭૫ ક્રિમ્પ	૧૩૮.૫
૮૦ ક્રિમ્પ	૧૩૬
૮૦/૭૨ રોટો	૧૪૦
૩૦/૨૪ બ્રાઇટ	---
૩૦/૩૬ એફડી	---
TPM	૧૩૯

શરદ પવારે એનડીએને ટેકો આપીને ઇન્ડિયા ગઠબંધનમાં ખળભળાટ મચાવી દીધો છે

મરાઠા નેતા શરદ પવાર ભારતના સૌથી ભેદી રાજકારણી છે. શરદ પવાર ક્યારે ક્યું પગલું લેશે, તેની કોઇ કલ્પના કરી શકતું નથી. શરદ પવાર બિનસાંપ્રદાયિકતાનો ચીપિયો પછાડતાં પણ ઉદ્ધવ ઠાકરેની શિવસેના સાથે સરકાર રચી શકે છે. શરદ પવારના પક્ષ રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટીનો મોટો હિસ્સો એનડીએ સરકારમાં જોડાઇ ગયો તો પણ શરદ પવારે ઉદ્ધવ ઠાકરેનો સાથ છોડ્યો નથી, પણ હવે શરદ પવારનો પક્ષ ગમે ત્યારે એનડીએમાં ભળી જશે તેવી વાતો સંભળાઇ રહી છે. લોકસભા સીમાંકન બિલ (૧૩૧મો બંધારણીય સુધારો બિલ, ૨૦૨૬) પર શાસક પક્ષ (એનડીએ) અને વિપક્ષ (ભારત જોડાણ) વચ્ચે ગંભીર રાજકીય મડાગાંઠ અને તણાવ ચાલુ છે. બે તૃતીયાંશ બહુમતી ન હોવાને કારણે આ વર્ષે એપ્રિલમાં લોકસભામાં આ બિલ નકારી કાઢવામાં આવ્યું હતું, પરંતુ સરકાર આગામી ચોમાસુ સત્રમાં તેને ફરીથી રજૂ કરવાની તૈયારી કરી રહી છે. જો સંસદમાં આ બિલ પસાર થાય તો લોકસભાની કુલ સંખ્યા ૫૪૩ થી વધીને ૮૫૦ થશે.

ભાજપનો તર્ક છે કે ૨૦૨૯ની ચૂંટણીમાં મહિલાઓ માટે ૩૩ ટકા અનામત સુનિશ્ચિત કરવા માટે બેઠકોનું વિસ્તરણ અને સીમાંકન જરૂરી છે. ભાજપના નેતાઓ ટીએમસી અને ત્યાર બાદ શિંદે સહિત ઉદ્ધવ ઠાકરેના છ સાંસદોને આ બિલને ટેકો આપવા માટે વધુ ને વધુ લોભાવી રહ્યા છે. જ્યારે ભાજપ લોકસભા સીમાંકન બિલ પસાર કરવા માટે પોતાની સંખ્યા મજબૂત કરી રહ્યો છે ત્યારે શરદ પવારના નરમ વલણથી ઇન્ડિયા જોડાણમાં ખળભળાટ મચી ગયો છે.

શરદ પવાર પોતે તો શરતો સાથે આ બિલને ટેકો આપવાની તૈયારી કરી રહ્યા છે પણ તેઓ પોતાની સાથે ઉદ્ધવ ઠાકરેને પણ ખેંચી રહ્યા છે. તાજેતરમાં મહારાષ્ટ્રના નાયબ મુખ્ય પ્રધાન એકનાથ શિંદે શરદ પવારને મળ્યા તેને કારણે જાતજાતની વાતો ચાલી રહી છે. તેમાંની એક વાત એવી છે કે શરદ પવારનો પક્ષ એનડીએમાં જોડાઇ જશે અને તેમની પુત્રી સુપ્રિયા સુળેને કેન્દ્રમાં કેબિનેટની બર્થ આપવામાં આવશે. બીજી વાત એવી છે કે રાષ્ટ્રવાદી કોંગ્રેસના બે ફાંટાઓ પાછા જોડાઇ જશે. કદાચ ઉદ્ધવ ઠાકરે અને એકનાથ શિંદે મળી જાય અને શિવસેના એક થઇ જાય તેવું પણ બની શકે તેમ છે. મહારાષ્ટ્રના રાજકારણમાં ઊથલપાથલ પાછળ શરદ પવારની રમત છે.

મહારાષ્ટ્રમાં રાજકારણ ગરમાયું છે. મહારાષ્ટ્રમાં કુલ ૪૮ લોકસભા સાંસદ છે. એવી અપેક્ષા રાખવામાં આવે છે કે મોદી સરકારને ૧૩ કોંગ્રેસના સાંસદો સિવાય મહારાષ્ટ્રના તમામ ૩૫ સાંસદોનું સમર્થન મળી શકે છે, કારણ કે શરદ પવારની આગેવાની હેઠળની રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટીએ આ મુદ્દે પોતાનું વલણ નરમ પાડ્યા બાદ ઉદ્ધવ ઠાકરેનો પક્ષ પણ બિલને ટેકો આપવાની વિચારણા કરી રહ્યો હોય તેવું લાગે છે. ઉદ્ધવ ઠાકરેની શિવસેનાના ફાયરબ્રાન્ડ નેતા અને રાજ્યસભા સાંસદ સંજય રાઉતે જણાવ્યું છે કે સંસદમાં બિલ રજૂ કરવામાં આવશે કે નહીં તે હજુ નક્કી થયું નથી. જ્યારે બિલ રજૂ થશે ત્યારે અમે બધા સાથે બેસીને તેના પર નિર્ણય લઇશું.

શિવસેના ઉદ્ધવ ઠાકરે જૂથનાં નેતા અને રાજ્યસભાનાં ભૂતપૂર્વ સાંસદ પ્રિયંકા ચતુર્વેદીએ આ મુદ્દા પર પોતાનો અંગત અભિપ્રાય વ્યક્ત કરતાં X પર લખ્યું છે કે ''મારો અંગત અભિપ્રાય હંમેશા સીમાંકન અને એવી સંસદની તરફેણમાં રહ્યો છે જે ખરેખર લોકોની શક્તિને પ્રતિબિંબિત કરે છે. પ્રતિનિધિઓની સંખ્યા વધારવાની સાથે સંસદ અને વિધાનસભાઓમાં કાર્યકારી દિવસોની સંખ્યામાં પણ વધારો થવો જોઇએ. સંસદમાં પસાર ન થયેલા બંધારણીય સુધારામાં બધાં રાજ્યો માટે ૫૦ ટકા પ્રમાણસર વધારો પ્રસ્તાવિત કરવામાં આવ્યો હતો જેથી કોઇ પણ રાજ્ય વંચિત ન રહે. આ એક યોગ્ય અને ન્યાયી પગલું હતું. હું તમને યાદ અપાવી દઉં કે ૨૦૨૩ ના નારી શક્તિ કાયદામાં અનામત પહેલાં વસ્તી ગણતરી અને સીમાંકન પ્રક્રિયાનો સમાવેશ થતો હતો. મેં આ પહેલાં પણ કહ્યું છે કે પક્ષોએ તેમના વલણ પર પુનર્વિચાર કરવો જોઇએ અને ખાતરી કરવી જોઇએ કે આ પ્રક્રિયામાં ખૂબ મોડું થઇ ગયું છે, તેને કાયદો બનાવવા માટે જરૂરી સમર્થન મળે.'' એનસીપી (શરદ પવાર જૂથ) નાં સાંસદ સુપ્રિયા સુળેનાં નિવેદનો અનુસાર વિપક્ષો ઇચ્છે છે કે બિલમાં સ્પષ્ટપણે જણાવવામાં આવે કે બધાં રાજ્યોમાં બેઠકોમાં ૫૦ ટકાનો વધારો સમાન રીતે થશે. એક મર્યાદા નક્કી કરવામાં આવશે, જેથી કોઇ પણ રાજ્ય સાથે ભેદભાવ ન થાય. ચર્ચા થઇ રહી છે કે વિપક્ષોમાં બિલનો સંપૂર્ણપણે વિરોધ નથી, પરંતુ તેમની પોતાની માંગણીઓ છે. સુપ્રિયા સુળેએ જણાવ્યું છે કે તેઓ ૧૯ જુલાઇએ નવી દિલ્હીમાં ઇન્ડિયા જોડાણની બેઠક અને ૨૦ જુલાઇએ સંસદીય બાબતોના મંત્રી કિરણ રિજિજુ દ્વારા બોલાવવામાં આવેલી સર્વપક્ષીય બેઠકમાં હાજરી આપશે. ઉદ્ધવ ઠાકરેની શિવસેના (UBT) પણ તેમાં હાજર રહેશે. તેમની પાર્ટી શું નિર્ણય લે છે તે જોવાનું બાકી છે. સંસદનું ચોમાસુ સત્ર ૨૦ જુલાઇથી શરૂ થઇ રહ્યું છે. ૩ ઓગસ્ટને મહત્ત્વપૂર્ણ માનવામાં આવે છે, કારણ કે કોંગ્રેસ બિલના વિરોધ પર અડગ છે. કોંગ્રેસ અને અન્ય પક્ષોનો આરોપ છે કે સરકાર મહિલા અનામતનો ઉપયોગ કવર તરીકે કરી રહી છે, જ્યારે તેનો વાસ્તવિક ઉદ્દેશ પોતાના ફાયદા માટે ચૂંટણી સીમાઓને વધારવાનો છે. શિવસેના (યુબીટી) નેતા સંજય રાઉતે કહ્યું છે કે જો સરકાર તેમના સુધારાઓને સામેલ કરે તો વિપક્ષો વિચાર કરી શકે છે.

મરાઠા નેતા શરદ પટેલનો આ ખૂબ જ વ્યૂહાત્મક નિર્ણય છે. તેમણે ન તો ઇન્ડિયા ગઠબંધન છોડ્યું છે કે ન તો NDAમાં જોડાયા છે, પરંતુ લોકસભાના સીમાંકનને સુનિશ્ચિત કરતાં બિલને ટેકો આપીને તેમણે નોંધપાત્ર રાજકીય લાભ મેળવ્યો છે. શરદ પવાર જેવા મુત્સદી નેતા જ આ પગલું ભરી શકે છે. જરૂર પડ્યે ભાજપને ટેકો આપીને શરદ પવારે પોતાની સ્થિતિ મજબૂત કરી છે. વધુમાં, NDAની નજીક જઇને તેમણે સુનેત્રા પવારની આગેવાની હેઠળના NCP પર રાજકીય દબાણ વધાર્યું છે. શરદ પવારે સંકેત આપ્યો છે કે તેઓ NDA તરફ પણ આગળ વધી શકે છે. સુપ્રિયા સુળેએ બિલની સમીક્ષા કર્યા પછી તેને પોતાનો ટેકો વ્યક્ત કર્યો છે, જેને ઔપચારિકતા માનવામાં આવી રહી છે. સૂત્રો માને છે કે ભાજપે ગુપ્ત રીતે શરદ પવારને મનાવી લીધા છે.

સુપ્રિયા સુળેએ શરદ પવારની આગેવાની હેઠળની NCP NDAમાં જોડાતી હોવાના અહેવાલોને પણ ફગાવી દીધા હતા. એનસીપી (શરદ પવાર) ના નેતા જયંત પાટીલની મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસ સાથેની મુલાકાતનો ઉલ્લેખ કરતાં સુળેએ કહ્યું કે આ બેઠક વિકાસ કાર્યો અને તેમના મતવિસ્તારને લગતા અન્ય મુદ્દાઓ પર ચર્ચા કરવા માટે હતી. તેનો કોઇ રાજકીય જોડાણ કે વિલીનીકરણ સાથે કોઇ સંબંધ નથી. જયંત પાટીલે મીડિયાને એમ પણ કહ્યું કે તેઓ મુંબઇમાં મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવિસના સત્તાવાર નિવાસસ્થાન 'વર્ષા' ખાતે મુખ્યમંત્રી સાથેની મુલાકાત દરમિયાન NCPના બીજા જૂથ (સુનીલ તટકરે અને પ્રફુલ્લ પટેલ) ના નેતાઓને મળ્યા ન હતા.

રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટી (NCP) મહારાષ્ટ્રના પ્રમુખ અને સાંસદ સુનીલ તટકરેએ પક્ષમાં કોઇ પણ મતભેદોની અટકળોને સ્પષ્ટપણે ફગાવી દીધી હતી અને કહ્યું હતું કે રાષ્ટ્રીય અધ્યક્ષ સુનેત્રા પવારને નિયમિતપણે તમામ મહત્ત્વપૂર્ણ રાજકીય ઘટનાઓ વિશે માહિતી આપવામાં આવે છે. તેમણે સ્પષ્ટતા કરી કે મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસ સાથેની તેમની તાજેતરની મુલાકાત અંગે ફેલાવવામાં આવી રહેલી અફવાઓમાં કોઇ સત્ય નથી અને પાર્ટી સંપૂર્ણપણે એકજૂથ છે. લોકસભા સીમાંકન બિલ ૨૦૨૬ માં ગૃહમાં કુલ બેઠકોની સંખ્યા ૫૪૩ થી વધારીને આશરે ૮૫૦ કરવાની અને ૨૦૨૩ ના નારીશક્તિ વંદન કાયદા અનુસાર મહિલાઓ માટે એક તૃતીયાંશ બેઠકો અનામત રાખવાની જોગવાઇ છે. વડા પ્રધાન મોદીના નેતૃત્વ હેઠળની કેન્દ્ર સરકાર વિપક્ષી એકતા હોવા છતાં છેલ્લા સત્રમાં આ બિલ પાસ કરાવવામાં અસમર્થ રહી હતી. શરદ પવારના વલણમાં ફેરફારથી ઇન્ડિયા જોડાણને મોટો ફટકો પડ્યો છે અને NDAને નોંધપાત્ર રાહત મળી છે. હવે એ નિશ્ચિત માનવામાં આવે છે કે સરકાર આગામી સત્રમાં આ મહત્ત્વપૂર્ણ બિલ માટે સંસદનાં બંને ગૃહોની મંજૂરી મેળવશે. એવી શક્યતા છે કે આગામી દિવસોમાં DMK પોતાનો પક્ષ રજૂ કરી શકે છે. હાલમાં, NDA પાસે ૩૧૯ સાંસદોનું સમર્થન છે. DMK અને શરદ પવારના સાંસદોને ઉમેરવાથી આ આંકડો ૩૪૯ થશે. NDA સરકારને કુલ ૩૬૦ સાંસદોની જરૂર છે.

- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.

ટુ ધ પોઇન્ટ
■ સંજય વોરા ■

સૂત્રો માને છે કે ભાજપે ગુપ્ત રીતે શરદ પવારને મનાવી લીધા છે. સુપ્રિયા સુળેએ બિલની સમીક્ષા કર્યા પછી તેને પોતાનો ટેકો વ્યક્ત કર્યો છે, જેને ઔપચારિકતા માનવામાં આવી રહી છે

ભારતમાં ટૂંક સમયમાં આવશે નવી 'પોલીમર' નોટો

પ્લાસ્ટિક નોટો માટે RBIએ બહાર પાડ્યું ગ્લોબલ ટેન્ડર; ફાટશે નહીં, પાણીમાં બગડશે નહીં

નવી દિલ્હી, તા. 17: ભારતીય ચલણમાં ફેરફાર થઇ શકે છે. હાલમાં ચલણી નોટો કાગળની હોય છે, તે હવે આવનારા સમયમાં બંધ થઇ જાય છે, પણ ભારતમાં ટુંકસમયમાં પ્લાસ્ટીકની નોટો જોવા મળી શકે છે.

આરબીઆઇ ટુંકસમયમાં દેશમાં પોલીમર બેન્ક નોટોનો પાયલોટ પ્રોજેક્ટસ શરૂ કરવાની તૈયારી કરી રહી છે.

જેના માટે આરબીઆઇ દ્વારા પોલીસમર માટે ગ્લોબલ ટેન્ડર બહાર પાડવામાં આવ્યું છે.

આરબીઆઇનું માનવું છે કે, જો પ્રારંભિક ટ્રાયલ સફળ થાય તો પછી આ નવી નોટોને વર્ષ 2027થી તબક્કાવાર રીતે બજારમાં લોન્ચ કરવામાં આવી શકે છે. જોકે, આ હાલની કાગળની નોટો બંધ કરશે નહીં. બંને પ્રકારનું ચલણ થોડા સમય માટે બાજુમાં ચાલતુ રહેશે.

શરૂઆતમાં આરબીઆઇ આ પ્રોજેક્ટ રૂ. 10 અને 20ની ચલણી નોટોનું મર્યાદિત સ્કેલમાં ટ્રાયલ કરશે. ત્યારબાદ આરબીઆઇનો હેતુ એ સમજવાનો છે કે આ નોટો ભારતીય હવામાન, વપરાશ અને બજારની સ્થિતિમાં કેટલી અસરકારક સાબિત થાય છે.

પૂરમાં ચોપડાઓ અને ડોકયુમેન્ટસ નાશ થયા હોય તો?

હાલમાં જ સૂરતમાં તા. 6 જુલાઇ અને 7 જુલાઇની અતિવૃષ્ટિમાં સમગ્ર શહેરમાં પૂરના પાણી ભરાયા હતા જેમાં વેપારીઓને મોટા પાયે નુકશાન થયું છે. વેપારીઓનો સ્ટોક, માલ, કોમ્પ્યુટર, પ્રિન્ટર, હાર્ડ ડિસ્ક, પેન ડ્રાઇવ વિગેરેનો નાશ થયો છે. આ ઉપરાંત કેટલાક ઠેકાણે દુકાનોમાં અંદર પાણી ભરાયા હોય, દિવાલ અને ઇન્ફ્રાસ્ટ્રકચરને નુકશાન થયું છે. વેપારીઓને કેટલું નુકશાન થયું છે એનો સરકાર દ્વાર સર્વે થઇ રહ્યો છે. વળી વેપારીઓ દ્વારા પણ વેલ્યુએશનને આધારે આનો અંદાજ કાઢવામાં આવી રહ્યો છે. સરકાર તરફથી કેટલી સહાય મળે છે અને વેપારીઓનું પોતાનું કેટલું વીમા કવચ છે એ બધી બાબતો હાલ તો અસ્પષ્ટ છે. પરંતુ આ બધા વચ્ચે વેપારીભાઇઓના ફોન આવે છે જેમાં તેઓનું કહેવું છે કે તેઓના વર્ષો જૂના તમામ ચોપડાઓ નાશ પામ્યા છે તથા ખરીદ વેચાણના બીલો, અગત્યના ડોકયુમેન્ટ, સ્ટેટમેન્ટ, GSTના પૂરાવાનો પણ નાશ થયો છે, જેમાં કેટલાક કેઇસોમાં તો નોટિસો ઇસ્યૂ થઇ છે અથવા કેઇસ ચાલી રહ્યા છે તો આ અંગે કેવી રીતે આગળ કાર્યવાહી કરવી એ જણાવશો.

કોર્ટના ચૂકાદાઓ

અગાઉના વર્ષોની પૂરના સંદર્ભે ઉભા થયેલા પ્રશ્નો અંગે એસેસમેન્ટમાં ખર્ચાઓ સાબિત કરવા માટે બીલ, ડિલીવરી ચલણ, ખાતાની નકલ વિગેરેના અભાવે આવા ખર્ચાઓ અમાન્ય થયા હતા જે અંગે આગળ અપીલમાં કરદાતા તરફથી દલીલ કરવામાં આવી હતી કે તેઓ પૂરના પાણી ભરાયા એ વિસ્તારના, દુકાનના ફોટાઓ, એફીડેવીટ, પંચનામા વિગેરે રજૂ કરેલ છે.

ટેક્સ ટ્વિટર
વિરેશ રૂદલાલ

આ ઉપરાંત કેટલાક કિસ્સામાં તો કરદાતાએ F.I.R. તથા છાપામાં લીગલ નોટીસ વિગેરે રજૂ કરતાં કોર્ટોએ એવુ સ્ટેન્ડ લીધું હતું કે કરદાતાએ કરેલ ખર્ચાઓ, ખરીદી ખર્ચ, લેબર ખર્ચ, ટ્રાન્સપોર્ટ વિગેરે એકાઉન્ટ પેરત ચેકથી કરેલા છે અને T.D.S. પણ કપાયો છે. આવકવેરા અધિકારીને પાર્ટીઓ અને સપ્લાયર્સને ઇન્કવાયરી લેટર માટે વિનંતી કરેલી પણ અધિકારીએ માન્ય રાખી નથી. વળી અગાઉના વર્ષોના G.P. અને N.P.ને ચાલુ વર્ષ (પૂરના વર્ષ) સાથે સરખામણી કરતાં મોટો ફેરફાર જોવા મળ્યો નથી આ બધુ ધ્યાને રાખતા અધિકારીએ નામંજૂર કરેલ ખર્ચ માન્ય રાખ્યો છે.

સૌથી મોટો પ્રશ્ન સ્ટોક નુકશાનીનો રહેશે જે બાદ મળવા અંગે દિલ્હી ટ્રીબ્યુનલે કેટલી માર્ગદર્શિકા સુનિશ્ચિત કરી છે. ઉપરોકત સુરત બેંચના ચૂકાદામાં છેવટે કોર્ટોએ જે આધાર રાખ્યો છે તે સંદર્ભે વેપારીઓએ અગમ ચેતીના પગલાં તરીકે વેપારીઓના કન્ફર્મેશન મંગાવી રાખવા-રીઓપનીંગના કેઇસો વધુ મુશ્કેલ બનશે.

જી.એસ.ટી.

સૌથી મુશ્કેલ કામ GSTમાં છે કારણ કે એમા I.T.C. અમાન્ય થાય તો વેપારીઓને ભારે નુકશાની સહન કરવી પડે, કારણ કે GSTમાં ઇન્વોઇસ, બીલ, ડિલીવરી ચલણ, ઇ-વે બીલ તથા પેમેન્ટ ઉપર વધારે ભાર મૂકાય છે. વળી GST વિભાગ તરફથી રીટર્નોની ચકાસણી તથા ડિપાર્ટમેન્ટ ઓડિટ વખતે આ બધા પૂરાવાના અભાવે વેપારીઓએ સજાગ રહેવું પડશે. આશા છે, સરકાર તરફથી પરિવપત્ર દ્વારા આમાં રાહત આપવામાં આવે.

મહેરબાન સુરતના એડી. સ્મોલકોઝ કોર્ટના જડજ સાહેબની કોર્ટમાં સુરત
SMCST/624/ 2022

વાદી :- ડિ.જી.વી.સી.એલ. (અમરોલી સબ-ડિવીઝન)
સરનામુ:- દુકાન નં. ૧ થી ૫, મારૂતિ કોમ્પલેક્ષ, છાપરાભાઠા રોડ,અમરોલી, સુરત
વિરૂધ્ધ
પ્રતિવાદી:- ધનુબેન ઠાકોરભાઇ માછી
સરનામુ:- નાની માછીવાડ, વરીયાવગામ, વરીયાવ, જી. સુરત-૩૯૪૫૨
જયંતીભાઇ ઠાકોરભાઇ માછી તે ધનુબેન ઠાકોરભાઇ માછી ના વારસદાર રહે.નાની માછીવાડ, વરીયાવગામ, વરીયાવ, જી. સુરત-૩૯૪૫૨૦
આથી આ જાહેર નોટીસ આપી જણાવવાનું કે,
વાદીએ અત્રેની કોર્ટમાં ઉપર નોટીસમાં જણાવેલ પ્રતિવાદી વિરૂધ્ધ SMCST/624/ 2022 થી કાયદેસરના બાકી નીકળતા વિજબીલના/વિજયોરીના લેણા રૂા. ૬૯,૮૯૨.૯૪/- વસુલ કરવા અંગેનો દાવો દાખલ કરેલ છે, તમો પ્રતિવાદીને સદર દાવામાં જણાવેલ સરનામે નામ. કોર્ટના પ્રોસેસો બેલીફ મારફત બજવણી કરવા જતા પ્રોસેસ તમને બજતા નથી. જેથી તમોને દૈનિક અખબારમાં નામ. કોર્ટના નોટીસની બજવણી જાહેર રીતે કરવામાં આવે છે આથી તમોને જાહેર સમન્સથી જાણ કરવામાં આવે છે કે હવે પછી સદરહુ દાવામાં ઠરાવ તા.૨૨/૦૭/૨૦૨૬ ના રોજની છે જેથી ઉપરોકત તે દિવસે તમારે પોતે જાતે યા વકીલશ્રી મારફતે નામદાર કોર્ટમાં હાજર રહેવાનુ ફરમાવવામાં આવે છે જેથી જો હવે પછીની મુદતે તમો નામદાર કોર્ટમાં હાજર ન થશો તો તમારી ગેરહાજરી ગણી સદરહુ કેસ એકતરફી નિકાલ કરવામાં આવશે જેની અચુક નોંધ લેશોજી. આજરોજ તા. ૨૬/૧૧/૨૦૨૫ ના રોજ મારી સહી તથા સિકકો કરી આપ્યો

તૈયાર કરનાર | મુકાબલ કરનાર | કોર્ટનો સિકકો | હુકમથી
આસી (જુનેદ મેજીક મોજા) | સુપ્રિ.( ) | સ્મોલકોઝ કોર્ટ | સ્મોલકોઝ કોર્ટ | સ્મોલકોઝ કોર્ટ, સુરત

મહેરબાન સુરતના એડી. સ્મોલકોઝ કોર્ટના જડજ સાહેબની કોર્ટમાં સુરત
SMCST/625/ 2022

વાદી :- ડિ.જી.વી.સી.એલ. (અમરોલી સબ-ડિવીઝન)
સરનામુ:- દુકાન નં. ૧ થી ૫, મારૂતિ કોમ્પલેક્ષ, છાપરાભાઠા રોડ,અમરોલી, સુરત
વિરૂધ્ધ
પ્રતિવાદી:- અમિતભાઇ આર. ચોપડા
સરનામુ:- ઠે. ૨૧૨, રામદેવ અપાર્ટમેન્ટ, શિવાજી પાર્ક, તારવાડી, વરીયાવ, જી. સુરત-૩૯૪૫૨૦
આથી આ જાહેર નોટીસ આપી જણાવવાનું કે,
વાદીએ અત્રેની કોર્ટ